1. મધ્યકાલીન ભારતનો ઇતિહાસ જાણવામાં સાહિત્યિક સાધનો પ્રમાણમાં શાથી વિશેષ ઉપયોગી છે?

- મધ્યકાલીન ભારતનો ઇતિહાસ જાણવા માટે સાહિત્યિક સાધન સામગ્રી એક અત્યંત આધારભૂત સ્રોત છે. ભારત પર આક્રમણો વધ રાજ્યો જીતનાર તર્ક વિજેતાઓ પોતાની સાથે ઈતિહાસ કુશળ વિદ્વાનોને પણ લઈ આવ્યા હતા.આ લેખકોનો ભારતના પ્રવાસે આવેલા વિવિધ દેશોના પ્રવાસીઓની ભારતની રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક જનજીવન લગતી માહિતીની વિસ્તૃત છણાવટ જોવા મળે છે. ઇતિહાસની જાણકારી માટે તે અત્યંત ઉપયોગી અને આધારભૂત ગણાય છે. આથી મધ્યકાલીન ભારતનો ઇતિહાસ જાણવામાં સાહીત્વિક સાધનો પ્રમાણમાં વિશેષ ઉપયોગી છે.

2. કવિ કલ્હણનું નામ ભારતીય હિન્દુ, ઇતિહાસલેખકોમાં શાથી સૌથી મોખરે છે?

- બારમી સદીના ભારતીય હિન્દુ, ઇતિહાસલેખકોમાં કશ્મીરના રાજા જયસિંહના દરબારી કવિ કલ્હણનું નામ સૌથી મોખરે છે. તેમણે સંતમાં લખેલ ગ્રંથ ‘રાજતરંગિણી’ એ કશમીર રાજ્યનો એક આધારભૂત ઇતિહાસગ્રંથ છે. વિદેશી ઇતિહાસ કારો પણ આ ગ્રંથનું પ્રાચીન ભારતની એકમાત્ર આધારભૂત અને વિશ્વસનીય ઇતિહાસગ્રંથ ગણે છે.

3. પુરાતત્ત્વવિદ્યા એ મધ્યયુગીન ઇતિહાસનું સહાયક શાસ્ત્ર શાથી ગણાય છે?

- પુરાતત્ત્વવિદ્યા એ વૈજ્ઞાનિક તથ્યો અને પુરાવાઓ પર, આધાર રાખતું ઇતિહાસનું વિશ્વસનીય અને સહાયક શાસ્ત્ર છે. જગતભરના વિદ્વાનો તેની મહત્તાનો સ્વીકાર કરે છે. મધ્યયુગીન ઇતિહાસના અભ્યાસ માટે પુરાતત્ત્વશાસ્ત્ર અત્યંત ઉપયોગી અને વિપુલ પ્રમાણની સાધનસામગ્રી પૂરી પાડે છે. ઇતિહાસના વૈજ્ઞાનિક અભિગમને ક્ષેત્રે આ શાસ્ત્રનું પ્રદાન નોંધપાત્ર છે. ઉત્પનન દ્વારા મળેલી સામગ્રી, અભિલેખ, વિવિધ મુદ્રાઓ અને સિક્કાઓ, ભવનોના ખંડેરો, સ્મારકો વગેરેનો તેમાં સમાવેશ થાય

4. આરબ ખલીફા હશામે જુનૈદને સિંધ શા માટે મોકલ્યો હતો?

- મહંમદ બિનકાસીમના અવસાન પછી દાહિરના પુત્ર જયસિંહે ફરી એક વાર સિંધ પર પોતાનો અધિકાર જમાવી દીધો. બ્રાહ્મણાબાદ પરના તેના અધિકારના સમાચાર મળતાં આરબ ખેલા હીશામે જુનેદને સિંધના ગવર્નરપદે નિયુક્ત કરી જયસિંહને પરાજિત કરવા આદેશ આપ્યો. આથી જુનેદે સફળ અભિયાન દ્વારા જયસિંહને પરાજિત કરી કેદ કર્યો.